દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

મંગળવાર ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬

# AI સંપૂર્ણ અનિયંત્રિત બની જાય તે પહેલા સમયસરના પગલાં જરૂરી

આજકાલ જેની ખૂબ ચર્ચા છે તે કૃત્રિમ બુદ્ધિમતા કે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ, જે એઆઇના ટૂંકા નામથી જાણીતી છે તે માણસજાતના નિયંત્રણની બહાર નીકળી જઇને એક સમયે સમગ્ર માનવજાતનું નિકંદન કાઢી નાખશે એવો ભય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે અને ખુદ આ ક્ષેત્રના નિષ્ણાતો આ ભય અસ્થાને નહીં હોવાનું જણાવી રહ્યા છે. જો કે એઆઇ માણસજાતનો સફાયો કરી નાખે તે હજી જરા વધુ પડતી કલ્પના લાગતી હોય તો પણ હાલમાં બનવા માંડેલા કેટલાક બનાવો એવા તો છે જ જે એવું વિચારવા પ્રેરે કે એઆઇ એ માણસજાતના નિયંત્રણની બહાર જવાની દિશામાં આગળ વધી રહી છે. હાલમાં ચેટજીપીટી બનાવનારી કંપની ઓપનએઆઈની AI સિસ્ટમ બેકાબૂ થઈ ગઇ. પોતાની લેબને જણાવ્યા વગર જ અમેરિકા સરકારના વાણિજ્ય વિભાગ અને અમેરિકી શેર માર્કેટ નિયંત્રક SECની વેબસાઇટો પરથી ડેટા કાઢી લીધો. અમેરિકાના શિક્ષણ વિભાગની વેબસાઇટને હેક કરવાનો પણ તેણે પ્રયાસ કર્યો હોવાનું કહેવાય છે.

અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટ અને SECની વેબસાઇટ પર થયેલી આ ગડબડને ખુદ ઓપનએઆઈએ સાચી માની છે. કંપનીએ કહ્યું કે તે શિક્ષણ વિભાગવાળા મામલાની પણ તપાસ કરી રહી છે. ઓપનએઆઈના જણાવ્યા અનુસાર, તેણે છેલ્લા કેટલાક અઠવાડિયામાં પોતે સરકારી એજન્સીઓને જણાવ્યું હતું કે તેના ઓટોમેટેડ AI એજન્ટ્સે તેમની વેબસાઇટો પર અણધારી હરકતો કરી છે. ન્યૂયોર્ક ટાઇમ્સના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે AI એજન્ટ્સે SECની વેબસાઇટનો પબ્લિક ડેટા એક ઓનલાઇન ફોરમ પર શેર કરી દીધો. તો બીજી તરફ AIએ ઓનલાઇન મળેલા લોગ ઇન ક્રેડેન્શિયલ્સથી કોમર્સ ડિપાર્ટમેન્ટ હેઠળ આવતા સેન્સસ બ્યુરોની વેબસાઇટ પરથી ડેટા કાઢી લીધો. ઓપનએઆઈનો દાવો છે કે આ ઘટનાઓ કોઈ મોટા ડેટા લીક કે હેકિંગની વ્યાખ્યામાં નથી આવતી. જો કે તેનાથી એ સ્પષ્ટ થાય છે કે આ સિસ્ટમે ચિંતા ઊભી કરે તેવું કામ કર્યું. કંપનીને આ ઘટનાઓની ખબર ત્યારે પડી જ્યારે તે ટેક સ્ટાર્ટઅપ ‘હગિંગ ફેસ’ પર પોતાના સિસ્ટમથી થયેલી સેંધમારીની તપાસ કરી રહી હતી. મામલો સામે આવ્યા પછી શેર બજાર નિયામક SECના પ્રવક્તાએ કહ્યું કે AI એજન્ટ્સે કોઈ પણ નોન-પબ્લિક કે ગોપનીય ડેટાને એક્સેસ નથી કર્યો. એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ જણાવ્યું કે ડેટાબેઝને કોઈ નુકસાન થયું નથી. વળી, કોમર્સ ડિપાર્ટમેન્ટ તરફથી આના પર તુરંત કોઈ નિવેદન આવ્યું નથી.

અમેરિકી સરકારની વેબસાઈટો સાથે જોડાયેલા આ મામલા સામે આવ્યા પછી આવી ઘટનાઓની યાદી વધુ લાંબી થઈ ગઈ છે. ઓપનએઆઈ, એન્થ્રોપિક, મેટા અને ગૂગલના AI એજન્ટ્સે પણ કંપનીઓ, યુનિવર્સિટીઓ અને સરકારી સિસ્ટમોમાં ગાબડું પાડવાની કે હેક કરવાની કોશિશ કરી છે. આમાંથી કેટલીક કોશિશો સફળ રહી અને કેટલીક નિષ્ફળ રહી છે. મોટી વાત એ છે કે આ તમામ મામલાઓમાં ખુદ કંપનીઓને પણ પાછળથી ખબર પડી કે તેમની AI પડદા પાછળ શું કામ કરી રહી હતી. સિસ્ટમ બેકાબૂ થવાના મામલાઓમાં સૌથી વધુ નામ ઓપનએઆઈનું સામે આવ્યું છે એ પણ નોંધપાત્ર છે. ઓપનએઆઈના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, તપાસ મોટા પાયે ચાલી રહી છે અને જે સંસ્થાઓ પર અસર પડી છે, તેમને જાણકારી આપવામાં આવતી રહેશે. તેમણે જણાવ્યું કે મોટાભાગના મામલા સામાન્ય સંશોધન કાર્ય સાથે જોડાયેલા હતા, જ્યાં AI વિશ્વસનીય માહિતી એકઠી કરવા માટે સરકારી વેબસાઈટો પર ગઇ હતી. ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને સોશિયલ મીડિયા પર સ્વીકાર્યું કે આ ઘટનાઓની માહિતી બહાર લાવવામાં કંપનીથી મોડું થયું છે. તેમણે કહ્યું કે ટીમ મામલાની ગંભીરતાના આધારે કામ કરી રહી છે અને ‘હગિંગ ફેસ’ માં થયેલું ગાબડું અત્યાર સુધીનો સૌથી ગંભીર મામલો છે. બે દિવસ પહેલા ખુલાસો થયો હતો કે ઓપનએઆઈ ના AI એજન્ટ્સે ઓસ્ટ્રેલિયાની સરકારી વેબસાઈટની પણ એક્સેસ મેળવી લીધી હતી. આ ઘટના જૂનમાં બની હતી, પરંતુ સરકારને તેની જાણકારી સપ્ટેમ્બરમાં મળી. બીજી પણ એવી કેટલીક ઘટનાઓ બની છે જે એઆઇ અનિયંત્રિત અને અણધાર્યું વર્તન કરતી હોય તેમ સૂચવતી હતી. એઆઇ આમ તો ઘણી બાબતોમાં ઉપયોગી નિવડી રહી છે પરંતુ તે જાતે પણ, કોઇ પણ જાતના આદેશ વિના અને પોતાની રીતે અમુક બાબતોમાં સક્રિય બની શકે છે અને કોઇ પણ કમાન્ડ વિના અણધાર્યું વર્તન કરી શકે છે તેમ આ ઘટનાઓ પરથી જણાય છે અને તેના પરથી એ વાતનો પણ સંકેત મળી શકે છે કે ભવિષ્યમાં તે વધુ શક્તિશાળી બનીને વધુ ચિંતાજનક હરકતો કરી શકે છે, આથી તેને નિયંત્રણમાં રાખવા માટેના પગલા ઘડી કાઢવાનું અત્યારથી ગંભીરતાપૂર્વક શરૂ કરી દેવું જરૂરી છે.

## ઊંડું ખોદો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

રાજસ્થાનના થાર રણ નજીકના એક નાનકડા ગામમાં ભયંકર દુકાળ પડ્યો. સતત ત્રણ વર્ષ વરસાદ ન પડ્યો, કૂવાઓ સુકાઈ ગયા, પશુધન મરવા લાગ્યું અને ગામલોકોના ચહેરા પર ચિંતાની ઊંડી રેખાઓ ઊપસી આવી. ગામના મુખિયાએ નિર્ણય લીધો કે નવો, ઊંડો કૂવો ખોદવો પડશે. ગામના મજબૂત યુવાનોની ટીમ બનાવવામાં આવી. એમણે એક જગ્યા પસંદ કરી અને ખોદકામ શરૂ કર્યું. દિવસો સુધી પરસેવો પાડ્યો, ૨૫-૩૦ ફૂટ ઊંડે પહોંચ્યા, પણ માટી સૂકી જ રહી – પાણીનું નામોનિશાન નહીં. થાકેલા અને નિરાશ યુવાનોએ કહ્યું, ‘ લાગે છે આ જગ્યા ખોટી છે, ચાલો બીજે નસીબ અજમાવીએ.’ એમણે એ ૩૦ ફૂટ ઊંડે સુધી ખોદાયેલો ખાડો છોડી દીધો અને થોડે દૂર બીજી જગ્યાએ ખોદવાનું શરૂ કર્યું.

ફરી એ જ વાત બની – ૨૦ ફૂટ સુધી ખોદ્યું પણ પાણી ન મળ્યું, વધુ ૫ ફૂટ ખોદ્યું પછી હરિને જગ્યા બદલી. આમ છ અલગ-અલગ જગ્યાએ તેમણે પાણી શોધવાના પ્રયત્નો કર્યા. દરેક વખતે ૨૫ થી ૩૦ ફૂટ ઊંડે ખોદીને, થાકીને છોડી દીધા...પાણી મળ્યું નહિ અને મહેનત બધી નકામી ગઈ. મહિનાઓ વીતી ગયા, પાણી વિના ગામની હાલત વધુ ખરાબ થતી ગઈ.

બધા ગામલોકો ગામના સૌથી અનુભવી વૃદ્ધ ખેડૂત પાસે ગયા અને બધી વાત જણાવી અને કોઈ માર્ગ દેખાડવા કહ્યું..... વૃદ્ધ ખેડૂતે કહ્યું, ‘મને દેખાડો તમે કઈ જગ્યાએ કૂવો ખોદવાની કોશિશ કરી છે.’

વૃદ્ધ ખેડૂતે જોયું કે છ અલગ અલગ ખાડા ખોદયેલા હતા. તેમણે દરેક ખાડાની ઊંડાઈ માપી અને પછી બધા યુવાનોને ભેગા કરી કહ્યું: ‘તમે લોકોએ કુલ મળીને લગભગ ૧૬૦ થી ૧૮૦ ફૂટ જમીન ખોદી છે – પણ છ અલગ-અલગ જગ્યાએ વહેંચીને. જો તમે આ બધી મહેનત એક જ જગ્યા પર કેન્દ્રિત કરી હોત, તો કદાચ ક્યારનું પાણીનું ઝરણું ફૂટી નીકળ્યું હોત. તમારી સમસ્યા મહેનતની કમી નહોતી, તમારી સમસ્યા હતી ધીરજની કમી અને સતત દિશા બદલવાની આદત.”

ગામલોકોએ વૃદ્ધ ખેડૂતની સલાહ લઇ પહેલાં ૩૦ ફૂટના ખાડાને વધુ ખોદવાનું શરૂ કર્યું અને નક્કી કર્યું કે ગમે તે થાય, અટકીશું નહીં. ૪૦ ફૂટ....... ૬૦ ફૂટ,...... યુવાનો થાકે તો વડીલો પણ કામ ચાલુ રાખતા .... સ્ત્રીઓ અને બાળકો પણ થોડી વાર મદદ કરતા ૭૦ ફૂટ....૮૦ ફૂટ... અને છેવટે, ૯૦ ફૂટની ઊંડાઈએ, મીઠા પાણીની સેર ફૂટી નીકળી. આખું ગામ ખુશીથી ઝૂમી ઊઠ્યું.

આ વાત સમજાવે છે કે સાથે મળીને કામ કરવાથી સફળતા મળે જ છે અને મહત્ત્વની વાત કે ઘણી વાર સફળતા ફક્ત થોડાં ડગલાં દૂર જ હોય છે, પણ આપણે નિરાશ થઈને દિશા બદલી નાખીએ છીએ. સાચી પ્રગતિ ઘણી જગ્યાએ છીછરું ખોદવાથી નહીં, એક જગ્યાએ ધીરજથી ઊંડું ખોદવાથી થાય છે.જીવનમાં સફળ થવા એક સાચી દિશામાં એકધારી મહેનત કરવી જરૂરી છે.

# વિદ્યાર્થીની આત્મહત્યા સમાજ અને શિક્ષણવ્યવસ્થાની નિષ્ફળતા

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**અભ્યાસ માટે ઠપકો આપે તો જીવન પૂરું કરી નાખે છે, પ્રેમમાં નિષ્ફળતા કે કહ્યાનું ખોટું લાગવા જેવી વાતમાં સ્કૂલ કોલેજનાં યુવાનો જીવન ટૂંકાવે છે**

વિદ્યાર્થીઓની આત્મહત્યાથી ન્યાયાલયો પણ વ્યથિત છે. દેશમાં ઉપરાછાપરી વિદ્યાર્થીઓએ આત્મહત્યા કર્યાના સમાચાર આવ્યા, જેનાથી વ્યથિત થવાયું. અખબારો ચેનલો આત્મહત્યાની ઘટના પૂરતી ચર્ચા કરે છે પણ આત્મહત્યાની તમામ ઘટનાઓ માટે કાયમી ઉકેલની ચર્ચા નથી કરતા.

આજકાલ મા-બાપ બાળકોને મોબાઈલ ના વાપરવા દે તો બાળકો આત્મહત્યા કરી લે છે. અભ્યાસ માટે ઠપકો આપે તો જીવન પૂરું કરી નાખે છે, પ્રેમમાં નિષ્ફળતા કે કહ્યાનું ખોટું લાગવા જેવી વાતમાં સ્કૂલ કોલેજનાં યુવાનો જીવન ટૂંકાવે છે. આ ભારે ચિંતાનો વિષય છે.

શિક્ષણ, વિદ્યા, કેળવણી આ બધું જ માનવ જીવન ઘડતર માટે છે. ઉન્નતિ માટે છે. માણસને જીવનનો માર્ગ બતાવવા માટે છે. નહીં કે જીવનનો અંત લાવનારા બોજને સર્જવા માટે! જો આપણી કેળવણી કે શિક્ષણની વ્યવસ્થામાં એક પણ બાળક શિક્ષણના બોજથી આત્મહત્યા કરે છે તો આવા શિક્ષણ અને વ્યવસ્થાને તાત્કાલિક અસરથી બંધ કરી દેવાં જોઈએ. આપણે ત્યાં તો ત્રણ હજારથી વધુ બાળકો યુવાનોએ આત્મહત્યા કરી! ખરેખર તો તોફાનો ફાટી નીકળવાં જોઈએ. બંધનાં એલાનો અપાવાં જોઈએ, સરકારો પડી જવી જોઈએ, પણ ના, આપણે તો મસ્ત થઈને ફરીએ છીએ. લેખકો, સમાજશાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકો આ સૌએ જો સૌથી પહેલી કોઈ ચર્ચા કરવાની હોય તો તે આ છે કે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું પ્રમાણ આટલું ચિંતાજનક કેમ છે? કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે તે કરતાં પણ શાળાનાં વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે તે બાબત વધારે ચિંતાજનક છે. પણ પ્રશ્ન એ છે કે શું ખરેખર બાળકો કે યુવાનો શિક્ષણના કારણે આત્મહત્યા કરે છે? કે કારણ કોઈ બીજાં છે?

મારું હવે કોઈ નથી. આવું જીવીને શું કરવું? જેવો માનસિક નિરાશાવાદી શૂન્યાવકાશ આત્મહત્યાનું મૂળ કારણ છે. જેમને ટેકો આપવાનો છે તેમનામાં જ વ્યક્તિને વિશ્વાસ ના હોય ત્યારે ઊભી થતી એકલતા આત્મહત્યા તરફ લઈ જાય છે. તો આ ખાલીપો કોણ ભરે?

આપણે ત્યાં હમણાં હમણાં પરીક્ષા પહેલાં મોટીવેશનલ સ્પીકર દ્વારા પાનો ચડાવવાના સેમિનારનો પ્રવાહ શરૂ થયો છે. “આ પરીક્ષા જીવનની એક માત્ર પરીક્ષા નથી. આ જીવનની છેલ્લી પરીક્ષા નથી. પેલો એક્ટર કોલેજ પણ પૂરી નથી કરી શક્યો. આ ઉદ્યોગપતિ ભણેલા જ નથી.” આવાં આવાં ઉદાહરણો અપાય ત્યારે સામે બેઠેલો વિદ્યાર્થી એક જ વાત મનમાં બોલતો હશે કે “સર, આ બધું મને કહેવાનો અર્થ જ નથી. આ બધું મારાં મા-બાપને કહો!” ભારતમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું વધતું પ્રમાણ એ શિક્ષણના કારણે નહીં, પણ મા-બાપ દ્વારા ઊભા કરેલા પરિણામના દબાણને કારણે છે. હવે માતા પિતા પોતાની મહત્ત્વાકાંક્ષાઓ બાળકો પર લાદી દે છે અને તેના જીવનની પ્રત્યેક બાબતને પરિણામ સાથે જોડી દે છે. આત્મહત્યાને કારણ મુજબ સમજવાનો પ્રયત્ન કરીએ તો પ્રથમ મુદ્દો છે જ્ઞાન કરતાં પરિણામનું વધારે મહત્ત્વ? આવડત કરતાં માર્કશીટ મહત્ત્વની કારણ કે નોકરી તેની સાથે જોડાયેલી છે.

આત્મહત્યાનું બીજું અગત્યનું કારણ છે સેલ્ફ ફાઈનાન્સ શિક્ષણને કારણે વાલીઓ પર વધતો આર્થિક બોજો, જે અંતે વિદ્યાર્થીઓને ઊંચાં પરિણામ માટે ટેન્શન આપે છે. આટલા રૂપિયા ખર્ચ્યા પછી પણ આ? ત્રીજો અગત્યનો મુદ્દો વૈભવી અને વસ્તુવાદી જીવનધોરણ. મોંઘા મોબાઈલ.કંપનીનાં મોંઘાં કપડાં ભૌતિક સગવડો અને તે માટેની દેખાદેખી આત્મહત્યાનું એક પરિબળ એ મૂલ્યોનો વિરોધાભાસ પણ છે. મતલબ કે ઘરમાં, સમાજમાં જુના અને પરમ્પરાગત મૂલ્યોનું મહત્ત્વ હોય અને યુવાન નવાં મૂલ્યોમાં મોટો થતો હોય. છોકરીઓમાં આ મુદ્દો વધારે અગત્યનો છે કારણ કે એક તરફ ઘરમાં સતત તું સાચવજે. જોજે હોં, ગડબડ ના કરતી. આબરૂના અને અસ્મિતાના મુદ્દા સતત અભ્યાસ કરતી દીકરીએ જ સાચવવાના હોય છે. છોકરાઓ આ બાબતમાં સ્વતંત્ર છે એટલે છોકરીઓ જ્યારે નવા મિત્રમંડળમાં નવી હવામાં સામેલ થાય છે ત્યારે નવી જિંદગી જીવે છે, પણ, થોડા જ સમય પછી જો એને જાતે જ એમ થવા માંડે કે અરેરે મેં તો ખોટું કર્યું. તો આ અપરાધ ભાવ તેનો બોજો સર્જે છે. આવા સમયે જો પરિણામ નબળું આવે તો તે ખોટું પગલું ભરી દેતાં અચકાતી નથી. ખબર બધાને છે, પણ બોલવા કોઈ નથી માંગતું. અંતે કારણ છે આત્મહત્યાના વર્ણન સાથેના મોટા મોટા સમાચારો. હા નબળા મનનાં લોકોને આવા સમાચારોની અવળી અસર થાય છે.

નબળાં પરિણામને કારણે વિદ્યાર્થીએ આત્મહત્યા કરી. કુંવારી છોકરી સગર્ભા થતાં આત્મહત્યા કરી. મા-બાપે બાઈક ના અપાવતાં યુવકે જીવન ટુંકાવ્યું. આવા સમાચારો સામાન્ય જનતા માટે માત્ર સમાચાર હોય છે પણ આવા જ મુદ્દામાં ઝઝૂમતાં લોકો માટે તો ખોટો મેસેજ હોઈ શકે છે માટે જ સમાચારપત્રો કે ચેનલોએ આત્મહત્યાના સમાચાર જવાબદારીપૂર્વક અને ગ્લેમર હટાવીને છાપવા જોઈએ. આપણે ત્યાં શિક્ષણ સંસ્થાઓ અને સમાજમાં કાઉન્સેલરોની ખાસ જરૂર છે, જે વિદ્યાર્થીને સાંભળે અને માતા-પિતાને સલાહ આપે. આપણે વિદ્યાર્થીઓને સલાહ આપીએ છીએ, ખરેખર તેમને સાંભળવાની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# આ તારો કબાટ, ને આ મારો કબાટ

## મંગલ મસ્તી



રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

**લગ્ન પહેલાં ભલે ને વ્હાલની આતશબાજી કરી હોય, કે, ‘તું નહિ તો હું નહિ અને હું નહિ તો તું નહિ!**

ટાઈટલ વાંચીને ભ્રમિત થવાની જરૂર નથી. વાત કરવી છે, પ્રસન્ન દામ્પત્ય જીવનનાં પોચા-પોચા ઝઘડાઓની! જે ઘરની ચાર દીવાલમાં જ કેદ હોય. એવું કોઈ ઘર બાકી ના હોય કે, જેને ત્યાં યમરાજના પગલાં ના પડ્યાં હોય, એમ ઝઘડા પણ થતા હોય. હાયલલ્લા અમુક તો એવા ફણગા કાઢે કે, જીવલેણ વાવાઝોડાં પણ ફિક્કાં લાગે. સાત જન્મ સુધી જોડે રહેવાનો કોન્ટ્રાક્ટ સાત દિવસમાં જ ધોવાઈ જાય. ઊંધા ફેરા ફરીને આંટા છોડે એવા! હાથમાં રેંટિયો પકડીને ભલે ફોટો પડાવ્યો હોય, પણ સવારે ઝઘડાથી દિવસનો આરંભ કરે. ઝઘડો નહીં કરે ત્યાં સુધી, પેટ જ સાફ નહીં જેમ જેમ લગ્ન વાસી થવા માંડે, એમ ફટાકડા ફૂટવાનાં શરૂ! લગ્ન પહેલાં ભલે ને વ્હાલની આતશબાજી કરી હોય, કે, ‘તું નહીં તો હું નહીં, અને હું નહીં તો તું નહીં!’ એ માંચડો એવો તૂટી પડે કે, ‘ક્યાં તો તું નહીં, ક્યાં તો હું નહીં’ એમાંથી જે બબાલ થાય તેમાંથી આ વિધાન નીકળે કે આજથી ‘આ તારો કબાટ ને આ મારો કબાટ!

બે દિલ મળવા સહેલા છે, પણ એક કબાટમાં બંનેના કપડાં નહીં સમાય. સાસુ કે નણંદ તો નાહકની બદનામ થાય. બાકી પોચા-પોચા ઝઘડા તો દંપતી વચ્ચે જ હોય, ચમનીયાના લગ્નની શરૂઆતની ‘ઈનિંગ’ તો ફક્કડ ગયેલી. ચંચીના વાળ જોઈને એવી તાન છેડતો કે, ‘યે રેશમી ઝુલ્ફેં, યે શરબતી આંખેં, ઈન્હેં દેખ કર જી રહે હૈં સભી!’ જેવો પીઠીનો રંગ ઊતરવા માંડ્યો એટલે, બબાલ શરૂ! એ રેશમી ઝુલ્ફ જ ઝઘડાનું કારણ બન્યું.

જમવા બેઠો ને શાકમાંથી વાળ નીકળ્યો! ત્યારે તો કંઈ ના બોલ્યો, પણ ભાતમાંથી કાંકરી નીકળી, ને ચમનીયાની મતિ તોફાને ચઢી, ‘ભગવાને તને બે આંખ આપી, તો યે તને કાંકરી દેખાતી નથી?’ પણ વળતો પ્રહાર એવો ‘સોલ્લીડ’ આવ્યો કે, ભગવાને તમને ૩૨ દાંત આપ્યા છે તો એક કાંકરી નથી ચવાતી.? ચાવી જાવ. એમાં રાળ્યું શું પાડો? હુમલો એટલા ઊંચા ગેજનો હતો કે, ચમનીયો ચાવી ગયો!

તજેના હાડકે પીઠી વળગી નથી અને લગ્નના કુંડાળામાં પગ પડ્યો નથી, એમણે નિરાશ થવાની જરૂર નથી. તેમને મારી આ વાત, ૭મા ધોરણનો વિદ્યાર્થી મેડિકલની લાઈનના ચોપડા ઉથલાવતો હોય એવું ભલે લાગે, પણ પૃથ્વીને ભરેલી રાખવા સૌએ ઓછામાં ઓછું એકવાર તો પરણવું જ પડે છે! જવાબદારીમાંથી છટકાય નહીં. લગ્ન એક એવો મામલો છે કે, શરૂ શરૂમાં જ ફાંકડો લાગે! અઘરા અભ્યાસક્રમ પાછળથી શરૂ થાય. પછી જેવી જેની વાઈફ તેવી તેની લાઈફ, ને જેવો જેનો પતિ તેવી વાઈફની મતિ! બાકી, ‘લગ્ન એટલે બે આત્માનાં મિલન પણ ખરા ને બે આત્માના ફૂંફાડા પણ ખરા! લગ્ન થાય એટલે ઝઘડાઓ બોનસમાં મળે છે! લગ્ન પહેલાની અવસ્થામાં સ્વચ્છંદતાના ગમે એટલા ઝંડા ફરકાવ્યા હોય, પણ પતિ થયા એટલે પતી જ જવાનું આવે! સમય કરતાં વહેલા ઘરે પહોંચ્યા તો પણ ઉપાધિ, ને મોડા પહોંચ્યા તો પણ ઉપાધિ. સવાલ ચિહ્નોનાં એવા પ્રશ્નપત્ર નીકળવા માંડે કે, ‘કેમ આજે વહેલા આવ્યા?’ મોડા ગયા તો. ‘કેમ મોડું થયું? અત્યાર સુધી ક્યાં ગયા હતા? રસ્તે કોણ કોણ મળ્યું હતું? રોજ આ રીતે મોડા આવવાના છો કે? પતિચર વિચાર કરતો થઈ જાય કે, ‘હું તો પતિડું છું, કે ધનેડું?’ જેની પાચનક્રિયા મજબૂત હોય તે જ લગ્નનો લાડવો પચાવી શકે, બાકી ઝઘડાઓ નમૂળા હોય છે! ખારા સમુદ્ર ગમે એટલીવાર ખેડ્યા હોય, પણ મીઠા સરોવર જેવો સંસારનો સાગર ખેડવો ભારે અઘરો! તોફાને ચઢેલા દરિયામાં હોડી ઉતારવાની હિંમત હોય તો જ કેડે તલવાર લટકાવીને ઘોડે ચઢવાનું! અમેરિકાના વિઝા તો આસાનીથી મળી જાય, બાકી ઉંબરો ઓળંગવા માટે ક્યારેક વાઈફના વિઝા લેવામાં પણ પરસેવો થઈ જવાય. સાંસારિક ઝઘડાનાં મુદ્દા ઉપર આવું તો, લગ્ન થાય એટલે તત્કાળ પરસ્પરમાં ‘આપણું’ નો ભાવ આવે. લગ્ન વાસી થાય એટલે, ધીરે ધીરે ‘આ તારું ને આ મારું’ થવા માંડે’ પછી જેના હાથમાં રિમોટ આવે, એ જ ટીવી ઉપર શાસન કરવા માંડે! બધું જ પોતાનું હોવા છતાં, પોતાનો અધિકાર અદશ્ય થઈ જાય. ને પોતે જ પોતાનો વડાપ્રધાન, ને પોતે જ વિરોધ પક્ષનો નેતા બની જાય! માનવીની સ્વતંત્રતાઓ સંસારનું ઐતિહાસિક સ્મારક બની જાય. બે દિલ મળે પણ, કબાટમાં જગ્યા નહીં મળે! છેડો ત્યાં આવીને મળે કે, ‘આ તારો કબાટ ને આ મારો કબાટ! સમજદારી નહીં કેળવે કે, લગ્ન થાય એટલે માત્ર પત્ની જ ઘરે આવતી નથી, એની સાથે કપડાંનું આખું મંત્રાલય પણ આવતું હોય. પતિ પાસે કપડાની મિલકતમાં, બે-ત્રણ પેન્ટ, ત્રણ શર્ટ, એક પાયજામો, બે રુમાલ અને એક ખાસ પ્રસંગ માટેનો કુર્તો, બે-ત્રણ મોજાં કે અન્ડરવેર હોય! આટલું નાખવા છતાં કબાટમાં જગ્યા એટલી વધે કે બે શર્ટ વચ્ચેથી પવન પણ પસાર થઈ જાય. ત્યારે પત્ની પાસે કપડાનું આખું વેરહાઉસ હોય! ઘરમાં એક જ કબાટ હોય, એટલે, પતિના કપડાંની હાલત, ટ્રેનમાં લટકતા મુસાફર જેવી થવા માંડે. પછી કબાટના ક્ષેત્રફળ ઉપર સત્તાની લડાઈ શરૂ થાય! પતિ પોતાના જૂના કપડાં ઉઠાવી લઈને પત્નીને જગ્યા કરી આપે, તો પણ જશ નહીં મળે. ‘લેડીઝ ફર્સ્ટ’ નો વિચાર કદાચ અહીંથી જ શરૂ થયો હોય તો કહેવાય નહીં. પણ ઝઘડાનો આરંભ કબાટના કકળાટથી થવા માંડે. જો કે, સત્ય એ પણ છે કે, કબાટમાં કપડાં ગોઠવતાં ગોઠવતાં આખું જીવન પણ ગોઠવાઈ જતું હોય છે. અમુકનું દામ્પત્ય જીવન તો એવું લાંબું ચાલે કે, નોકરીના વર્ષ કરતાં પેન્શનના વર્ષ વધી જાય. જેવી ભગવાનની માયા!

**લાસ્ટ બોલ**

ગમે એટલું કહો પણ વાઈફના તોલે નહીં અવાય!

ચમનીયાની ચંચી એક દિવસ ભારે બગડી. અમારે સવારથી સાંજ સુધી કેટલા ઢસરડા કરવાના? સવારે વહેલા ઊઠી, વાસણો સાફ કરવાના, કપડાં ધોવાના, રસોઈ કરવાની, બાળકોને તૈયાર કરવાના, એના માટે નાસ્તો બનાવવાનો, કપડાં પહેરાવવાના, દફતર તૈયાર કરવાનું અને રિક્ષા આવે એટલે એમાં બેસાડી આવવાનું! તમારે તો તૈયારની ચા-નાસ્તો કરીને છાપું પકડીને બળાપા કાઢવાના કે, મોદી સાહેબે આમ કર્યું ને તેમ કર્યું!

ચમનીયાને એવો ઝાટકો લાગ્યો કે, બીજા દિવસે એ વહેલો ઊઠ્યો. ઘરના તમામ કામ પણ પતાવ્યા. અને બાળકોને તૈયાર કરીને રિક્ષામાં બેસાડવા પણ ગયો. ત્યારે ચંચી બોલી, “ક્યાં જાઓ છો?”

બાળકોને રિક્ષામાં બેસાડવા જાઉં છું!

ચંચી કહે, ‘બેસો છાનામાના હવે! આજે તો રવિવાર છે! નિશાળ બંધ હોય.!

તારા કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ટીકા નહીં ટેકો કરો

ટીકા કરવી સહેલી છે, પરંતુ કોઈને ટેકો આપવા ‘નિઃસ્વાર્થ’ કામ કરવું અઘરું છે. આજે મોટા ભાગના માણસો ટીકા કરે છે, કારણ કે તે કામ સરળ છે. તેમાં બીજું કશું જ કરવાનું નથી, જ્યારે કોઈને ટેકો કરવો એ કામ મુશ્કેલ છે. તેથી બીજાને ટેકો કરનારા માણસો આજે સમાજમાં ઓછા જોવા મળે છે.

હા, જ્યાં જરૂર હોય ત્યાં સુધારા-વધારા માટે ધ્યાન જરૂરથી દોરવું, જેથી બીજાનું ભલું થાય, પણ ટીકા તો ક્યારેય ન કરવી. કોઈ વ્યક્તિ આપણી ભૂલ બતાવે તો તે સ્વીકારીને સુધારવી પણ જોઈએ. ટૂંકમાં, કોઈની ટીકા ન કરતાં ટેકો કરો. જે બીજાને ટેકો કરે છે તે જ વ્યક્તિ જીવનમાં સદ્ગુણ અને સફળ બની શકે છે.

**સુરત -મહેશ ડૉક્ટર**

## યુપીઆઇ ટ્રાન્ઝેક્શન પરનો ચાર્જ કોના હિતમાં લગાવાયો?

યુપીઆઇને ઓગસ્ટ ૨૦૨૬માં દસ વર્ષ પૂરાં થયાં છે. આ દસ વર્ષમાં તેનું વાર્ષિક ટ્રાન્ઝેક્શન વોલ્યુમ ૨૦૧૬-૧૭ના ૧.૭૮ કરોડથી વધીને ૨૦૨૫-૨૬માં ૨૪,૧૬૨ કરોડ થયું છે, જ્યારે વ્યવહારોની કુલ કિંમત રૂ. ૦.૦૭ લાખ કરોડથી વધીને રૂ. ૩૧૪ લાખ કરોડ થઈ છે હવે ૧૫ ઑક્ટોબર, ૨૦૨૬થી રૂ. ૨,૦૦૦થી વધુના કેટલાક વેપારી યુપીઆઇ વ્યવહારો પર ૦.૪ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાગુ થવાનો છે. રૂ. ૭૫,૦૦૦ કે તેથી વધુના વ્યવહારો માટે આ ચાર્જની મહત્તમ મર્યાદા રૂ. ૩૦૦ રહેશે. વ્યક્તિથી વ્યક્તિના વ્યવહારો પર આ ચાર્જ લાગશે નહીં. નાની કેટેગરીના વેપારીઓને પણ કેટલીક શરતો હેઠળ મુક્તિ આપવામાં આવી છે. સરકારનો દાવો છે કે મોટા ભાગના નાના વ્યવહારો પર તેની અસર નહીં પડે. જોકે, મોટા મૂલ્યના વ્યવહારોમાં ચાર્જ લાગુ થવાથી વેપારીઓ પર ખર્ચ વધશે. આ ખર્ચ ભવિષ્યમાં માલસામાનના ભાવમાં ઉમેરાય તેવી શક્યતા અંગે પણ ચર્ચા છે. બીજી તરફ, રોઇટર્સના અહેવાલ મુજબ નવા એમડીઆરથી ફોનપે અને ગૂગલ પે જેવી મોટી પેમેન્ટ કંપનીઓને આવકમાં મોટો લાભ થઈ શકે છે. તેથી પ્રશ્ન એ છે કે યુપીઆઈની આ નવી ફીથી અંતે લાભ કોને અને બોજ કોના પર પડશે?

**સુરત -હિતેન્દ્ર ભટ્ટ**

## સમયપાલન અને ભારતીય સમાજ

તાજેતરમાં સુરત મહાનગરપાલિકાએ ફરજપાલન પર મોડા આવનાર કર્મચારીઓની નોંધ લઈ કાર્યવાહી કરવાની ચીમકી આપી! કદાચિત આવવું ઘણા સમયથી ચાલતુ જ હશે! કારણકે આ અચાનક ચેકીંગ કરવામાં આવ્યું હતું. અમુક કર્મચારી ગણવેશમાં ન હતા. સમય પાલનનું જીવનમાં ઘણું મહત્ત્વ છે કહેવાય છે’’ જે સમયને ન સાચવે એને સમય નથી સાચવતો.’’ આપણે ત્યાં, થાય છે, થશે, શું ઉતાવળ છે?’’ આ માનસિકતાથી પીડાતો સમાજ છે. ઘણાં કાર્યક્રમો કે લગ્નના સત્કાર સમારંભમાં પણ સમય જળવાતો નથી. (વરકન્યા જ રીસેપ્શનમાં નક્કી કરેલ સમય મુજબ આવ્યા નથી હોતા!) અને હસી મજાકમાં કહેવાય છે કે, ‘બધુ ઈન્ડિયન ટાઈમ પ્રમાણે જ થાય! અન્યના સમયની કિંમત પણ હોવી જોઈએને? લાંબા અંતરની ટ્રેઈન પણ ઘણીવાર વિલંબીત સમયે આવે છે. વિદેશમાં સમયપાલન અને ફરજપાલનનું મહત્ત્વ અદકેરું હોય છે. સુરત મહાનગરપાલિકાએ સમય પાલન માટેના આગ્રહનો સિલસિલો જાળવી રાખવા જેવો જ છે. જેથી ફરજપાલન યથાયોગ્ય રીતે કર્મચારીઓ દ્વારા થઈ શકે.

**સુરત - નેહા શાહ**

## ડ્રાય સ્ટેટ ગુજરાતની વાસ્તવિકતા

ગુજરાતમાં દારૂબંધી અમલમાં હોવા છતાં દારૂના વધતા સેવન અને ગેરકાયદેસર વેચાણના આંકડા ચિંતાજનક છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે 2023-24 મુજબ ગુજરાતમાં દક્ષિણ ગુજરાતમાં દારૂનું સેવન સૌથી વધુ છે અને દર દસમાંથી એક વ્યક્તિ દારૂનું સેવન કરે છે. બીજી તરફ, રાજ્યમાં નોંધાતા ગુનાઓમાં પણ આલ્કોહોલ સાથે સંકળાયેલા ગુનાઓનું પ્રમાણ નોંધપાત્ર હોવાનું આંકડાઓ દર્શાવે છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના અહેવાલ મુજબ 2024માં ગુજરાતમાં દારૂબંધીના કાયદા હેઠળ આશરે 3.52 લાખ કેસ નોંધાયા હતા, જે દેશમાં સૌથી વધુ છે. મહિલાઓમાં પણ દારૂના સેવનના વધતા કિસ્સા સામાજિક રીતે ચિંતાજનક છે. મહાત્મા ગાંધીના વિચારો અને સિદ્ધાંતોના સન્માનરૂપે દારૂબંધી ધરાવતા ગુજરાતમાં આ સ્થિતિ વિરોધાભાસ ઊભો કરે છે.

વિધાનસભામાં રજૂ થયેલા આંકડા અને અખબારોમાં પ્રકાશિત થતા દારૂ ઝડપાવાના બનાવો પરથી ગેરકાયદેસર દારૂનો વેપલો બેફામ ચાલતો હોવાનું જણાય છે. યુવા પેઢીને વ્યસનથી બચાવવી હોય તો વર્તમાન કાયદાનો કડક અને અસરકારક અમલ જરૂરી છે. દારૂબંધી રાખવી હોય તો તેનો કડક અમલ થવો જોઈએ, નહીં તો કાયદા અંગે લોકોમાં રહેલો ભય વધુ ઘટશે.

**નવસારી -ડૉ. જે. એમ. નાયક**

## ઉપમમુખ્યમંત્રીની સુરક્ષામાં ચૂક?

26 તારીખના શનિવારના ‘ગુજરાતમિત્ર’ના અહેવાલ પ્રમાણે ઉપમુખ્યમંત્રી બોર્ડ ઉપર ચડતાં ચડતાં પાણીમાં પડતાં બચી ગયા. આ કોઈ સામાન્ય ઘટના નહીં કહેવાય. ઉપમુખ્યમંત્રી જેવા વ્યક્તિઓ જ્યારે બોટ પર ચડવાના હોય તે પહેલાં સિક્યુરિટીવાળાએ સીડી જે કે લાકડાની બનેલી હતી એ કેમ ચેક નહીં કરી. સિક્યુરિટીવાળા ઉપર કડકમાં કડક કાયદેસર પગલાં લેવાં જોઈએ. જો કે સિક્યુરિટીવાળા હોય, વ્યવસ્થિત કામગીરી કરી હોય તો આ અહેવાલ પ્રોપેગંડા માટે છપાયો હોય એવું પણ માની શકાય. સત્ય શું એ તો ગણેશજી જ જાણે.

**સુરત -ડૉ. રસેશ ગુજરાતી**

## વિભિન્નતામાં એકતા

અઠ્ઠાવીસ રાજ્યોનો એક ભારત દેશ વિભિન્ન પ્રાદેશિક ભાવનાઓ ધરાવે છે અને તેમાં સાચી રાષ્ટ્રભાવનાથી જ એકતા બની શકે છે. જુદી જુદી સાંસ્કૃતિક વિશેષતાઓ અને ભાષાઓ ભલે ગર્વનો વિષય હોય, પણ સર્વોપરિ તો રાષ્ટ્રપ્રેમ જ હોય. ચૌદમી સપ્ટેમ્બર ઓગણપચાસની સાલમાં હિન્દી અધિકૃત ભાષા તરીકે સ્વીકારાઈ, જેનો દરજ્જો રાષ્ટ્રભાષાનો થયો, એટલે જ દરવર્ષે ચૌદમી સપ્ટેમ્બર હિન્દી દિવસ તરીકે ઉજવાય છે. હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવાનું રાષ્ટ્રપિતાએ સૂચવ્યું હતું. દક્ષિણના કેટલાક રાજ્યોના હઠાગ્રહને લીધે અંગ્રેજીને પણ માન્ય રખાઈ. પ્રાદેશિકતાની સંકુચિત ભાવના અને ગંદા રાજકારણને લીધે કેટલાક રાજ્યો હિન્દીનું અવમૂલ્યન કરે છે. ધંધાકીય સ્વાર્થ હોવાથી હિન્દી ભાષા ફિલ્મો દ્વારા કરોડો રૂપિયા કમાય છે. ભારત બહાર મોરેશિયસ, ત્રિનિદાદ ફિજી, સુરીનામ, નેપાળ, દક્ષિણ આફ્રિકામાં હિન્દી બોલાય છે. વિશ્વની એકસો છોત્તેર યુનિવર્સિટીઓમાં હિન્દી ભણાવાય છે. હિન્દી ‘‘યુનો’’માં પણ સ્વીકારાઈ છે. જોકે હિન્દી ભાષા સરળ હોવી જોઈએ અને સંસ્કૃત ભાષાના શબ્દોની ભરમાર નહીં હોવી જોઈએ. હવે હિન્દીમાં આઠ લાખ શબ્દોનો સમાવેશ થયો છે. રાષ્ટ્રીય એકતાને ધ્યાનમાં રાખી દરેક રાજ્યના શિક્ષણમાં ત્રિભાષી ફોર્મ્યુલા જ જરૂરી છે. હિન્દી ભાષા દ્વારા જ વિભિન્નતામાં એકતા શક્ય છે હિન્દી ભાષા ભારતની અસ્મિતાનું અવિભાજ્ય અંગ છે. રાષ્ટ્રભાવના રેલાવે છે પ્રાદેશિકતાની સંકુચિત ભાવના દૂર કરાય.

**સુરત- યૂસુફ ગુજરાતી**